**ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(શૈલેષ પરમાર, ઇમરાન ખેડાવાલા અને અમુલ ભટ્ટ) ની સુચના એટલે કે:-**

**"તાજેતરમાં અમદાવાદના મણીનગર વિસ્તારમાં જરૂરી સેફટી મેજરમેન્ટ ન લેવાયા હોવાના કારણોસર શ્રીજી એલિગન્સની બાંધકામ સાઈટની ભેખડ ધસી પડતા ચાર મજુરો દટાયા હતા, તે પૈકી એકનું મૃત્યુ થયું છે અને ત્રણને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જરૂરી સેફટી મેજરમેન્ટ વગર ચાલતી બાંધકામ સાઈટોમાં ભેખડ ધસી પડવાના કારણે મજુરોના મૃત્યુ થતા કામદારોમાં ભય અને રોષની લાગણી ફેલાયેલ છે તે દૂર કરવા અને ઘટના સંબંધમાં મૃત્ય પામેલાના વારસદારોને તેમજ ઘાયલ થનારોને વળતર ચૂકવવા માટે સરકારે લીધેલા કે લેવા ધરેલા પગલાઓ"**

----------------------------------------------------------------------------------------------------

**માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગારનું નિવેદન તા.૨૦/૦૨/૨૦૨૪**

----------------------------------------------------------------------------------------------------

**અમદાવાદની શ્રીજી એલિગન્સ બાંધકામ સાઈટમાં ભેખડ ધસી પડવાના કારણે થયેલ મૃત્યુ:**

પ્રસ્તુત બનાવ સંદર્ભે નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગુજરાત રાજ્યનો અહેવાલ મેળવવામાં આવેલ છે. તદ્દાનુસાર તા-૧૪/૦૨/૨૦૧૪ ના રોજ સવારે ૧૧:30 કલાકે 'શ્રીજી એલિગન્સ' નામની રી-ડેવલપમેન્ટ બાંધકામ સાઇટની ભેખડ ધસી પડવા થી અકસ્માતે બનેલ બનાવ અંગે નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, અમદાવાદ તંત્ર ના બાંધકામ નિરીક્ષક દ્વારા સદરહુ સ્થળ ની તુરંત રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ.

સ્થળની તપાસ કરતા સદરહુ સ્થળ પર તા. ૧૫/૧૨/૨૦૨૩ થી શરૂ થયેલ 'શ્રીજી એલિગન્સ' નામની રી-ડેવલપમેન્ટ બાંધકામ સાઇટ પર તા.૧૪/૦૨/૨૦૨૪ ના રોજ સવારે મુખ્ય કોન્ટ્રાકટર સહિત ૦૨(બે) શ્રમિકો સાથે જમીન લેવલથી આશરે ૨૦ ફુટ નીચે બેઝમેન્ટ બનાવવા માટે સલામતી પુરી પાડવા રીટેનીંગ દિવાલ બનાવવા માટે શટરીંગ ની કામગીરી કરી રહ્યા હતા, તેજ સમયે અચાનક માટીની ભેખડ ધસી પડતાં ૦૨(બે) શ્રમિકો મુખ્ય કોન્ટ્રાકટર સાથે માટી નીચે દબાઇ ગયેલ જેથી તાકીદે તેમને બહાર કાઢીને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા એલ. જી હોસ્પીટલ, મણીનગર, અમદાવાદ ખાતે સારવાર અર્થે લઈ ગયા હતા, જ્યાં

ફરજ પર હાજર ડોકટરે તપાસીને ૦૨(બે) શ્રમિકોને પ્રાથમીક સારવાર આપીને રજા આપેલ હતી અને મુખ્ય કોન્ટ્રાકટરશ્રી નું અવસાન થયેલ જાહેર કરવામાં આવેલ હતું.

ઉક્ત અકસ્માતે બનેલ બનાવ સદરહુ રી-ડેવલપમેન્ટ બાંધકામ સાઇટ નું બેઝમેન્ટ બનાવવા માટે સલામતી પુરી પાડવા રીટેનીંગ દિવાલ બનાવવા માટે ની કામગીરી કરવા દરમ્યાન બનેલ છે. જેમાં ભેખડ ધસતા દટાયેલ ૩ વ્યક્તિઓ પૈકી મૃત્યુ પામેલ શ્રી ચિરાગભાઈ પ્રજાપતિ સ્વયં સાદર બાંધકામ સાઈટ ના મુખ્ય કોન્ટ્રાકટર હોઈ અને તેઓ સાઈટ પર સલામતી માટે જવાબદાર વ્યક્તિ હોઈ 'ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ અધિનિયમ ૧૯૯૬' મુજબ શ્રમિક ની વ્યાખ્યા માં આવતા નથી તેથી તેમને વળતરનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી. તેમજ ઈજા પામેલ અન્ય ૦૨ (બે) શ્રમિકો ને સામાન્ય ઈજાઓ થયેલ હોઈ હોસ્પિટલ માં સારવાર બાદ હોસ્પિટલ માંથી રજા આપવામાં આવેલ છે.

'ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ અધિનિયમ ૧૯૯૬' ની જોગવાઈ અનુસાર પાત્રતા ધરાવતી બાંધકામ સાઈટનું એવી સાઈટ શરૂ થયેથી ૬૦ દિવસની અંદર નોંધણી કરાવવાનું હોય છે. સદરહુ સાઈટની નોંધણી કરાવેલ ન હોઈ, સાઈટની નોંધણી ન થાય ત્યાં સુધી અને રીટેનીંગ દિવાલ બનાવવા દરમ્યાન 'ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ અધિનિયમ ૧૯૯૬' ની જોગવાઈ મુજબ સલામતીની જોગવાઈ નું પાલન ન થાય ત્યાં સુધી બાંધકામ સાઇટ ઉપર કોઈ પણ પ્રકારની બાંધકામ પ્રવૃત્તિ કરવા પર મનાઈ હુકમ ફરમાવેલ છે. સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ બાંધકામ કાયદા હેઠળ ચાલુ છે.

---------------------------------------------------------------------------------